૧. આરોપી હાજર થતા રુબરુ પૂછતા આરોપીએ ગુનો કબૂલ કરેલ છે. આરોપીને તેની સામેના ગુનાની સજાની જોગવાઈ અને દંડની સજા કરેલ તેમ છતા આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છાએ કબૂલ કરેલ છે અને જણાવે છે કે, તેમનો પ્ર થમ ગુનો છે તેઓ ગરીબ અને બાલ બચ્ચા વાળા માણસ છે કુટુંબની જવાબદારી તેમના શીરે છે. ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપે છે. તેથી રહેમ બતાવી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૨. આરોપીને કબૂલાત સ્વૈચ્છિક હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઈ ગુનાની કાયદાથી નિયત થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા આરોપીને સમય સંજોગો અને પરિસ્થિતિને ધ્યાને લઈ મેજીસ્ટ્રેટશ્રી કરી શકે છે. આ કેસમાં આરોપીની રજુઆત લક્ષમાં લઈ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીશચંદ્ર ઠાકોરનો ચૂકાદો ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **આખરી હુકમ**

- આરોપીને સી.આર.પી.સી. કલમ ૨૫૨ અન્વયે જી.પી. એકટ ૧૨૪ ના ગુના માટે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ સ્પેશ્યલ સિટીંગમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તારીખ:– ૧૪/૧૨/૨૦૨૪
મુકામ : અમદાવાદ

**(પરીમલ પરસોત્તમભાઈ પટેલ)**
૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫., અમદાવાદ સિટી.
{UIC NO. GJ00942}.